# સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેનો તાલિમ વર્ગ યોજાયો

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સંકલિત જીવાત વ્યવસ્થાપન અંગેની તાલિમ તા: ૨૪/૦૫/૨૦૨૨ થી ૨૭/૦૫/૨૦૨૨ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં બોટાદ જીલ્લાના રાણપુર, બરવાળા, ગઢડા તેમજ અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના કુલ ૨૯ ખેડૂત ભાઇઓએ ભાગ લીધેલ. આ તાલિમ કાર્યક્રમનાં ઉદઘાટન સમારોહમાં ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. ડી. બી. સિસોદીયા, પ્રાધ્યાપક અને વડા તથા ડો. એચ. સી. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક કીટકશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદએ ખેડૂતોને તાલિમનાં મુખ્ય હેતુઓ અને ઉપયોગીતા વિષે જાણકારી આપવામાં આવી હતી. આ તાલિમ કાર્યક્રમમાં ધાન્ય પાકો, કઠોળ પાકો, તેલીબિયાના પાકો, બાગાયતી પાકો, ઘાસચારાનાં પાકોને નુકસાન કરતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ. વાતાવરણિય ફેરફાર દ્વારા વિવિધ પાકમાં આવતી જીવાતોનું સમયસર સંકલિત વ્યવસ્થાપન અપનાવી જંતુનાશકોના આડેધડ છંટકાવને ઘટાડવો જોઇએ તેમજ વિવિધ જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કરી પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી શકાય તે અંગેની સમજ આપવામાં આવી હતી. તેમજ રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન મેળવવા માટે તાલિમ પણ આપવામાં આવેલ અને ખેડુતોના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

આ ઉપરાંત ખેડૂત ભાઇઓએ ઘાસચારા સંશોધન કેન્દ્ર, પશુ સંશોધન કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર અને શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તાલિમ કાર્યક્રમમાં ખેડૂત ભાઇઓને પ્રાયોગિક તાલિમ પણ આપવામાં આવી હતી.

આ તાલિમ કાર્યક્રમનાં અંતે ડૉ. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષએ તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેવી અભ્યર્થના સાથે આશીર્વચન પાઠવેલ તથા તેઓશ્રીના હસ્તે પ્રમાણપત્ર અને કીટનું વિતરણ પણ કરવામાં આવેલ. જેમાં કીટકશાસ્ત્ર વિભાગના ડૉ. ડી. બી. સિસોદીયા, ડો. એચ. સી. પટેલ, ડો. એમ. ડી. સુથાર અને મિનાક્ષી લુણાગરીયા હાજર રહ્યા હતા


સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ








तुलसी
BIO-PESTICID
સંકલિત જીવાત વ્યવસ્થાપન
તાલીમ કાર્યક્રમ